**Extra No. 428**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVI ] WEDNESDAY, DECEMBER 31, 2025 / PAUSHA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)**

**ગાંધીનગર**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઈન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫**

**૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક ૧૦**

**જીઈઆરસી/૨૦૨૫/૧૩/ટેક/૨૪૮૭-** ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઈન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક: ૧૦નો ગુજરાતી અનુવાદ માત્ર સર્વે લોકોની જાણ અર્થે છે અને સદરહુ વિનિયમો, ૨૦૨૫ ના અંગ્રેજી જાહેરનામાને અર્થઘટન અર્થે અધિકૃત ગણવો.

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (GERC)**

**ગાંધીનગર**

**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઈન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫**

**૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક: ૧૦**

**જીઈઆરસી/૨૦૨૫/૧૦/ટેક/૨૨૦૧:** વીજળી અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો અધિનિયમ ૩૬મો)ની કલમ ૬૧, ૬૬, ૮૬ (૧)(ચ) અને કલમ ૧૮૧ સાથે વાંચતાં, તે હેઠળ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગને પ્રાપ્ત થયેલ સત્તા અને આ અંગે તેને અંતર્ગત અન્ય તમામ સત્તાઓનો ઉપયોગ કરીને અને અગાઉનાં પ્રકાશન બાદ, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ આથી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઇન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) વિનિયમો, ૨૦૧૬ (હવે પછી અહીં જેમનો ઉલ્લેખ 'મુખ્ય વિનિયમો' તરીકે કરવામાં આવ્યો છે તે અને તે પછી તેમાં થયેલા સુધારાઓ) માં સુધારો કરવા નીચેના વિનિયમો ઘડે છે, એટલે કે:

૧. ટૂંકું શીર્ષક, વ્યાપ અને આરંભ

(૧) આ વિનિયમો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઇન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) (પાંચમો સુધારો) વિનિયમો, ૨૦૨૫ તરીકે ઓળખાશે.

(૨) આ વિનિયમો સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

૨. આ વિનિયમો સરકારી રાજપત્રમાં પ્રકાશિત થયાની તારીખથી અમલમાં આવશે.

૩. મુખ્ય વિનિયમોની કલમ ૭માં સુધારો:

જીઈઆરસી (નેટ મીટરિંગ રૂફટોપ સોલર પીવી ગ્રીડ ઇન્ટરેક્ટિવ સિસ્ટમ્સ) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪ સાથે મુખ્ય વિનિયમોના વિનિયમ-૭ને વાંચતાં, તે હેઠળ રજૂ થયેલ પ્રવૃત્તિ ચાર્ટ પછીના બીજા પરંતુક પછી નીચેના પરંતુકનો સમાવેશ કરવામાં આવશે:

"૭. .............

............

જોકે પ્રધાનમંત્રી સૂર્ય ઘર મુફ્ત વીજળી યોજના હેઠળ સ્થાપિત સોલર રૂફટોપ પીવી સિસ્ટમ્સના કિસ્સામાં વીજ વિતરણ પરવાનેદાર અને ગ્રાહક વચ્ચે અલગથી લેખિત જોડાણ કરારની આવશ્યકતા રહેશે નહીં અને આ બાબતે ગ્રાહક દ્વારા સોલાર રૂફટોપ પીવી સિસ્ટમ્સના સંદર્ભમાં આ વિનિયમોની શરતોથી બંધાયેલ હોવાનું માનવામાં આવશે. આવા કિસ્સામાં, કરાર શરૂ થવાની તારીખ વિધિસરના જોડાણ કરારના સ્થાને સોલાર રૂફટોપ પીવી સિસ્ટમ્સના આરંભની તારીખથી ગણવામાં આવશે અને સંબંધિત ડિસ્કોમ અરજદારને કરાર શરૂ થવાની તારીખ તથા વધારાની (સરપ્લસ) ઊર્જાની ખરીદીના લાગુ પડતા દર અંગે યોગ્ય રસીદની ગ્રાહક ને જાણ કરવામાં આવશે."

૪. મુખ્ય વિનિયમોની કલમ ૮(૨) માં સુધારો:

વિનિયમ ૮(૨)ના સ્થાને નીચે મુજબની કલમ સ્થાન લેશે:

"(૨) રૂફટોપ પીવી સોલાર સિસ્ટમને ગ્રીડ સાથે જે વોલ્ટજથી જોડવામાં આવશે તે, જીઈઆરસી (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) વિનિયમો, ૨૦૧૫ તથા તેમાં વખતો વખત થયેલ સુધારાઓ અંતર્ગત નક્કી કરવામાં આવેલ વોલ્ટેજ સ્તર મુજબનું રહેશે."

**રંજીથ કુમાર જે.,** આઈ.એ.એસ.

સચિવ.

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૦૩/૧૧/૨૦૨૫.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.03 09:13:20 IST